# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-07-2026 Day: Saturday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## રાજ્ય-નવ મહાનગરપાલિકા:

**રાજ્યની નવ મહાનગરપાલિકાઓને વરસાદી પાણીના નિકાલ, પાણી પૂરવઠાના કામ, આંગણવાડી સહિતની 11 જેટલી આવશ્યક સુવિધાઓ માટે પાંચ વર્ષ સુધી જમીન વિનામૂલ્યે ફાળવાશે. મહાપાલિકાની હદમાં ઉંમેરાયેલા વિસ્તાર અને ટ્રાન્ઝિશનલ ફેઈઝ – પરિવર્તનના તબક્કાને ધ્યાનમાં રાખી સરકાર દ્વારા આ નિર્ણય કરાયો છે. જિલ્લાકક્ષાએ જમીન ફાળવણીની પ્રક્રિયા વધુ સરળ બનાવવા આ અભિગમ અપનાવાયો છે.**

**એક સત્તાવાર યાદી મુજબ, મહેસાણા, નડિઆદ, આણંદ, નવસારી, વાપી, મોરબી, ગાંધીધામ, સુરેન્દ્રનગર અને પોરબંદર મહાપાલિકાને આ લાભ મળશે.**

---

## રાજ્ય- કપાસ ક્રાંતિ રજીસ્ટ્રેશન:

**કપાસ ઉત્પાદન વધારવા માટેના મિશન ફૉર કોટન પ્રોડક્ટિવિટી – કપાસ ક્રાંતિ માટે રાજ્યના ખેડૂતો આઈ-ખેડૂત પૉર્ટલ પર અરજી કરી શકશે. આ અંગે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, કેન્દ્ર સરકારના અભિયાન હેઠળ ખેડૂતોને આગામી પાંચ વર્ષ હેક્ટરદીઠ 14 હજાર રૂપિયા સુધીની ઇનપુટ સહાય મળશે. જોકે, આ યોજનાનો લાભ એક ખેડૂતને એક વર્ષમાં વધુને વધુ 2 હેક્ટરની મર્યાદામાં જ મળી શકશે. રાજ્યમાં કપાસનું વાવેતર ધરાવતા 21 જિલ્લાના એક લાખ હેક્ટરથી વધુ વિસ્તારને આ મિશન હેઠળ આવરી લેવાનો લક્ષ્યાંક હોવાનું પણ જણાવ્યું.**

**ઉલ્લેખનીય છે કે, વર્ષ 2026થી 2031ના સમયગાળા માટે કેન્દ્ર સરકાર દ્વારા આ મહત્વાકાંક્ષી મિશન અમલમાં મૂકાયું છે.**

---

## રાજ્ય-સુરત-PM-SETU:

**કેન્દ્રીય કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા રાજ્યમંત્રી જયંત ચૌધરીએ સુરત ઔદ્યોગિક તાલીમ સંસ્થા ITI ઘટક માટે 240 કરોડ રૂપિયાથી વધુની વ્યૂહાત્મક રોકાણ યોજનાને મંજૂરી આપી. ગુજરાતમાં સુરત પ્રવાસ દરમિયાન શ્રી ચૌધરીએ આ જાહેરાત કરતાં કહ્યું, આ માટે આર્સેલોર મિત્તલ ઈન્ડિયા કંપનીને અગ્રણી ઉદ્યોગ ભાગીદાર તરીકે જવાબદારી સોંપાઈ છે.**

**ઉદ્યોગ આધારિત કૌશલ્ય વિકાસ ક્ષેત્રે પોતાના અનુભવનો સરકારી ITIને અધ્યતન બનાવવાની PM-SETU પહેલને મજબૂત બનાવવામાં આ કંપની યોગદાન આપશે. 5 વર્ષમાં ITI-સુરતને હબ તેમજ હજીરા, બારડોલી, સચિન અને મહિલા ITI સુરતને સ્પોક સંસ્થાઓ તરીકે વિકસાવીને 25 હજારથી વધુ યુવાનોને રોજગારીની નવી તક ઉપલબ્ધ કરાવાશે.**

---

## કેન્દ્રીય રાજ્યમંત્ર-સંસદનું ચોમાસુ સત્ર:

**સંસદીય બાબતોના કેન્દ્રીય રાજ્યમંત્રી અર્જુન રામ મેઘવાલ અને ડૉ. એલ. મુરુગને સંસદ ભવનના સંકુલમાં આગામી ચોમાસુ સત્રની તૈયારીઓની સમીક્ષા કરી હતી. સંસદ સત્ર 20 જુલાઈથી 13 ઓગસ્ટ સુધી ચાલશે. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મેઘવાલે જણાવ્યું કે આગામી સત્ર માટે નિર્ધારિત કાયદાકીય કાર્યની સમીક્ષા કરવામાં આવી અને જરૂરી સૂચનાઓ જારી કરવામાં આવી હતી.**

---

## રાજ્ય-ગુજરાત-એગ્રીકલ્ચર લિડરશીપ એવોર્ડ:

**બાગાયત ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ ગુજરાતને પ્રતિષ્ઠિત એગ્રીકલ્ચર લિડરશીપ એવોર્ડ 2026 એનાયત કરાયો. નવી દિલ્હીમાં યોજાયેલા 17-મા એગ્રીકલ્ચર લીડરશીપ કૉન્કલેવમાં કૃષિમંત્રી જિતુ વાઘાણીએ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહના હસ્તે આ પુરસ્કાર સ્વીકાર્યો હતો.**

શ્રી વાઘાણીએ આ રાષ્ટ્રીય સન્માન રાજ્યના ખેડૂતો અને કૃષિ વિભાગના કર્મયોગીઓને સમર્પિત કર્યો. તેમણે કહ્યું, ગુજરાતને અગાઉ વર્ષ 2009, 2014 અને 2018માં કૃષિક્ષેત્રે નવતર પહેલ બદલ શ્રેષ્ઠ કૃષિરાજ્યનો પણ પુરસ્કાર મળ્યો હતો.

---

## રાજ્ય હવામાન:

રાજ્યભરમાં વરસાદે વિરામ લીધો છે. દરમિયાન આજે સમગ્ર રાજ્યમાં વરસાદની સંભાવના છે. તો, દરિયાકાંઠાના વિસ્તાર અને માછીમારોને ચેતવણી અપાઈ હોવાનું હવામાન વિભાગના પ્રાદેશિક નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું. રાજ્યભરમાં નહીંવત્ વરસાદ વચ્ચે અત્યાર સુધી રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ 25 ટકા વરસાદ નોંધાયો છે.

---

## કચ્છ હવામાન:

દરમ્યાન કચ્છ જીલ્લામાં સચરાચર મેઘકૃપાની પ્રતિક્ષા વચ્ચે જીલ્લામાં સરેરાશ 20 થી 25 કિલોમીટરની ઝડપે ફુંકાયેલા પવનને કારણે વાતાવરણ ધુંધળુ બન્યુ છે. ભારે પવનને કારણે વાહન ચાલકો તેમજ રાહદારીઓને મુશ્કેલીનો અનુભવ સામનો કરવો પડ્યો.તો કેટલેક સ્થળે વીજ વીક્ષેપની સમસ્યા સર્જાઈ હતી. દરમ્યાનહવામાન વિભાગે જીલ્લામાં આગામી સપ્તાહ દરમ્યાન છુટાછવાયા સ્થળે ઝરમર વરસાદની સંભાવના વ્યક્ત કરી છે.

---

## ક્રિકેટ-01 ભારત-ઈંગલેન્ડ-ટી-20 પરથી મેચ:

ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચેની પાંચમી અને અંતિમ ટી-20મેચ આજે સાઉથ હેમ્પટન ખાતે રમાશે. મેચ ભારતીય સમય મુજબ સાંજે સાત વાગ્યે શરૂ થશે ઇંગ્લેન્ડની ટીમે ત્રણ મેચ સાથે શ્રેણી જીતી લીધી છે

---

# ક્રિકેટ-02-ભારત-ઈંગલેન્ડ ટેસ્ટ મેચ:

**મહિલાઓની વન-ઓફ ટેસ્ટ ક્રિકેટ મેચમાં, ભારતે ઇંગ્લેન્ડ સામે પ્રતિષ્ઠિત લોર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ પર પોતાની પહેલી ઇનિંગમાં 285 રન કર્યા હતા. અગાઉ, ઇંગ્લેન્ડે ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો.**

**-----------------------------------------------------------------------------------------------------------**